

# <u>ઓન લાઈન અરજી કરવાની અગત્યની સુચનાઓ</u>


- સૌ પ્રથમ નિગમની વેબસાઇટ www.gueedc.gujarat.gov.inખોલવાની રહેશે. જેથી નીચે મુજબની સ્કીન દેખાશે. જેમાં SCHEME ના મેનુ પર ક્લિક કરી આપ જે યોજના માટે અરજી કરવા ઈચ્છતા હોય તે યોજના પર ક્લિક કરવી.





- જેથી આપના દ્વારા પસંદ કરેલ યોજનાનું સ્વરૂપ / સહાયના ધોરણો, પાત્રતા અને જરૂરી દસ્તાવેજની વિગત દેખાશે જે આપે અચુક વાંચી લેવાની રહેશે. ત્યાર બાદ નીચે આપેલ Apply Now પર ક્લિક કરવાનું રહેશે. Apply Now પર ક્લિક કરતાં નીચે મુજબ સ્કીન દેખાશે. જેમાં આપ પ્રથમ વખત અરજી કરતા હોય તો નીચે જણાવ્યા મુજબ New User(Register)? ક્લિક કરવાની રહેશે.





- **New Register પર ક્લિક કરવાથી નીચે મુજબની સ્કીન દેખાશે. જેમાં પ્રથમ ખાનામાં આપનું Email ID , બીજા ખાનામાં Mobile No., ત્રીજા ખાનામાં Password અને ચોથા ખાનામાં Confirm Password લખી Submit પર ક્લિક કરવાનું રહેશે. જેથી આપનું રજીસ્ટ્રેશન Successful થઈ ગયેલ છે તેવો મેસેજ દેખાશે. ત્યાર બાદ Already Register Click Here for Login? પર ક્લિક કરવાનું રહેશે.**





➢ **Already Register Click Here for Login? પર ક્લિક કરતાં નીચે મુજબની સ્કિન દેખાશે. જેમાં પ્રથમ ખાનામાં આપનો મોબાઈલ નંબર અને બીજા ખાનામાં આપે રજીસ્ટ્રેશન સમયે રાખેલ પાસવર્ડ અને ત્રીજા ખાનામાં બાજુમાં આપેલ Captcha નાખી Login પર ક્લિક કરવાની રહેશે.**




- Login પર ક્લિક કરવાથી નીચે મુજબની સ્ક્રિન દેખાશે.જેમાં આપ જે યોજનામાં અરજી કરવા ઈચ્છતા હોય તેની સામે આપેલ Apply Now ક્લિક કરવાનું રહેશે




- Apply Now પર ક્લિક કરવાથી જે તે યોજનાનું ફોર્મ ખુલી જશે. જેમાં માગ્યા મુજબની તમામ વિગતો ભરી Save and Upload Photo & Signature પર ક્લિક કરવાની રહેશે.





➢ **Save and Upload Photo & Signature પર ક્લિક કરવાથી નીચે મુજબની સ્કિન ખુલશે. જેમાં Upload Photo પર ક્લિક કરી આપનો ફોટો કોમ્પુટરમાં જે જગ્યાએ હોય ત્યાંથી સેલિક્ટ કરવાથી આપનો ફોટો અપલોડ થઇ જશે તે રીતે Upload Signature પર ક્લિક કરી સહી પણ અપલોડ કરવાની રહેશે.ત્યાર બાદ Save photo and Signature & Upload Document પર ક્લિક કરવાની રહેશે.**




➢ **Save photo and Signature & Upload Document પર ક્લિક કરવાની રહેશે. જેથી આપે જે જે ડોક્યુમેન્ટ અપલોડ કરવાના થાય છે તેનુ લીસ્ટ જોવા મળશે. જેની સામે Choose File પર ક્લિક કરી**

**આપના કોમ્પુટરમાં રહેલ જે તે ડોક્યુમેન્ટની ફાઈલ સિલેક્ટ કરવાથી ડોક્યુમેન્ટ અપલોડ થઈ જશે. આ રીતે તમામ ડોક્યુમેન્ટ અપલોડ કરી નીચે આપેલ Save પર ક્લિક કરવાની રહેશે.**




- **Save પર ક્લિક કરવાથી નીચે મુજબની સ્કીન દેખાશે. જેમાં તમે અરજી કરતી સમયે જે વિગતો ભરેલ હશે તે દેખાશે. જે બરાબર ચેક કરી લેવાની રહેશે. જો વિગતો યોગ્ય જણાયતો નીચે આપેલ Confirm Application પર ક્લિક કરવાની રહેશે. જે તમારી અરજી કન્ફર્મ થઈ જશે અને આપને આપની અરજીનો કન્ફર્મ નંબર મળશે. જે સુરક્ષિત જગ્યાએ નોંધી લેવાનો રહેશે.**